સત્યમેવ જયતે

દાખલ કર્યા તા.૦૧/૧૨/૨૦૨૩
રજી. કર્યા તા.૦૧/૧૨/૨૦૨૩
ફેંસલ કર્યા તા.૨૦/૦૪/૨૦૨૬
---------------
સમયગાળો–વર્ષ. માસ. દિવસ.
૦૨ ૦૪ ૧૯

## ખાંભાના જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ (ફ.ક.) શ્રીની કોર્ટમાં, જિ. અમરેલી.

**ક્રિમિનલ કેસ નં. ૧૨૩૯/૨૦૨૩**

આંક–

**ફરીયાદી:–** **સરકાર શ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી:–** સંદિપભાઈ રમેશભાઈ શર્મા, ઉ.વ.પુખ્ત,

રહે. સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

*ગુન્હો:– ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬ (૧)(બી) મુજબ.*

- **ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી એચ. એમ. ત્રિવેદી**
- **આરોપીપક્ષે વિ. વકીલ શ્રી કે. યુ. મોભ**

**–:: ચુકાદો ::–**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંક હકીકત એ રીતેની છે કે, આ કામના આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬(૧)(બી) મુજબનો ગુનો નોંધવામાં આવેલ અને તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપી વિરુદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ.

**૨.** આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુન્હાનુ ચાર્જશીટ રજુ થતા તેઓને ધોરણસરની સમન્સની બજવણી કરવામાં આવેલ. આરોપી કોર્ટમાં હાજર થતા, તેને સંહિતાની કલમ–૨૦૭ મુજબ મુજબ તપાસના કાગળોની નકલો

વિનામૂલ્યે આપી, પ્લી નોંધતા આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા આરોપી સામે સંહિતાની કલમ–૨૭૩ મુજબ ખુલ્લી અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૩. ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક–દસ્તાવેજી પુરાવો આ કામમાં રજુ કરેલ છે.**

**મૌખિક પુરાવાઃ–**

:૧: આંક–૮ થી પંચ સાહેદ મુળુભાઇ કાળુભાઇ મકવાણાની જુબાની.

:૨: આંક–૧૮ થી ફરિયાદી કનુભાઈ રાણાભાઈ બાંભણીયાની જુબાની.

:૩: આંક–૨૪ થી સાહેદ ડો. જયદિપકુમાર ચૌહાણની જુબાની.

:૪: આંક–૩૭ થી ત.ક.અ. એમ. બી. મહેરાની જુબાની.

**દસ્તાવેજી પુરાવાઃ–**

:૧: આંક–૯ થી પંચનામુ.

:૨: આંક–૧૯ થી ફરિયાદ.

:૩: આંક–૨૫ થી આંક– ૨૭ સુધી ફોર્મ ''એ'', ''બી'' અને ''સી''.

૪. ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના અંતે આરોપીના વધારાના નિવેદનો નોંધવામા આવેલ છે. જેમા તમામ બાબતોની ઈન્કારી કરેલ છે અને વિશેષમા જણાવેલ છે કે, *''અમો નિર્દોષ છીએ અમોએ કોઇ ગુનો કરેલ નથી.''* ત્યારબાદ બન્ને પક્ષોના વિ. વકીલશ્રીઓની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** ફરીયાદ હકીકત, રેકર્ડ ઉપર રજુ તમામ પુરાવા, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**–:: મુદ્દા ::–**

::૧:: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે જાહેરમા કેફી પીણુ

પીધેલી હાલતમાં પકડાઇ જઇ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે ?

::૨:: શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાના તેઓના જવાબો નીચે મુજબ છે.

:૧: નકારમાં

:૨: આખરી હુકમ મુજબ

**–: મુદા નંબર– ૧ ના કારણો :–**

૭. આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે તહોમત પુરવાર કરવા માટે જે સાહેદોને તપાસેલ છે, તે તમામ સાહેદોના પુરાવાને આબેહુબ આલેખવા કરતા સાહેદોના પુરાવાનું યથા યોગ્ય મુલ્યાંકન વાજબી, યોગ્ય અને ન્યાયોચિત જણાતુ હોય તે રીતે પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. સૌ પ્રથમ આ કામે આંક–૧૮ થી ફરિયાદી કનુભાઈ રાણાભાઈ બાંભણીયાનો અને આંક–૩૭ થી ત.ક.અ. એમ. બી. મહેરાનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓ સરતપાસ દરમિયાન તેઓએ ફરિયાદ હકીકતમાં જણાવેલ હકીકત દોહરાવી ફરિયાદ પક્ષને સમર્થન કરતી જુબાની આપેલ છે.

૯. ફરિયાદપક્ષ તરફે આંક–૮ થી પંચ સાહેદ મુળુભાઇ કાળુભાઇ મકવાણાને તપાસવામાં આવેલ છે, પરંતુ હાલના સાહેદ ફકત તૈયાર પંચનામામા સહી કર્યા સિવાય કાઈ જાણતા નથી તેવું જણાવી ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી.

૧૦. ફરિયાદપક્ષ તરફે આંક–૨૪ થી સાહેદ ડો. જયદિપકુમાર ચૌહાણને તપાસવામાં આવેલ છે, હાલના સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, હાલના સાહેદના પુરાવા અંગે ગુણદોષ પર ચર્ચા કરતા પહેલા બોમ્બે/ગુજરાત બ્લડ ટેસ્ટ રૂલ્સ મુજબ આરોપીનો લોહીનો નમુનો લેવા બાબતે બોમ્બે

પ્રોહીબીશન (મેડીકલ એક્ષામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સના રુલ–૪ હેઠળ કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે..

**Rule 4. Manner of collection and forwarding of blood.—**

**(1)** The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under rule 3 the syringe shall be sterilised by purring in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of the part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c. c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.

**(2)** The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.

બચાવ પક્ષ તરફે આરોપીનું બ્લડ સેમ્પલ લેવા માટેની કામગીરીને પડકારેલ ન હોય તે અંગે ચર્ચા કરવી જરૂરી જણાય આવતી નથી, પરંતુ આ કામે હાલના સાહેદની જુબાની તથા આંક–૨૫ થી રજુ ફોર્મ–એ તથા આંક–૨૭ થી રજુ ફોર્મ–સી ધ્યાને લેવામાં આવે તો, આ કામે આરોપીનું બ્લડ સેમ્પલ

તા.૦૭/૦૨/૨૦૨૨ ના રોજ લેવામાં આવેલ હોવાનું જણાય છે અને આરોપીનું બ્લડ સેમ્પલ તા.૧૬/૦૨/૨૦૨૨ ના રોજ પૃથ્થકરણ માટે પ્રાપ્ત થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. આ તબક્કે પ્રોહીબીશન (મેડીકલ એક્ષામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સના રુલ-૪ ની જોગવાઈ ધ્યાને લેતા,

> ***(2)*** *The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection.*

એટલે કે, ઉપરોક્ત આદેશાત્મક જોગવાઈ મુજબ આરોપીનું બ્લડ સેમ્પલ લીધા બાદ આ બ્લડ સેમ્પલ પૃથ્થકરણ કરનાર અધિકારી પાસે બ્લડ સેમ્પલ લીધાના સાત દિવસમાં પ્રાપ્ત થઇ જવું જોઈએ. આમ આ કામે રજુ થયેલ ફોર્મ-સી બ્લડ ટેસ્ટ રીપોર્ટ (એફ.એસ.એલ. રીપોર્ટ) ધ્યાને લેતા આરોપીનું બ્લડ સેમ્પલ બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એક્ષામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સના રુલ-૪ની આદેશાત્મક જોગવાઈ મુજબ દિન-૭ માં પ્રાપ્ત થયેલ ન હોય એટલે કે આરોપીનું બ્લડ સેમ્પલ લેવાની પ્રક્રિયા કાયદામાં જણાવેલ આદેશાત્મક જરૂરી શરતો સાથે પૂર્ણ થયેલ હોવાનું જણાય આવતું ન હોય આરોપી વિરુદ્ધ રેકર્ડ પર આવેલ અન્ય પુરાવા ધ્યાને લઈ શકાય નહી તેવું આ કોર્ટનું માનવું છે.

**૧૧.** આમ ફરિયાદપક્ષના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા, આ કામના આરોપીએ ગે.કા. વગર પાસ પરમીટે જાહેરમા કેફી પીણુ પીધેલી હાલતમાં પકડાઇ જઇ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ- ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીને શંકાનો લાભ આપી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

**:૧:** આ કામના આરોપીને ક્રી.પ્રો. કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬(૧)(બી) મુજબના ગુનામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**:૨:** આરોપીએ અગાઉ આપેલ જામીન રદ કરવા હુકમ કરવામાં આવે છે.

**:3:** આ કામે આરોપીના ભારતીય ફોજદારી કાર્યરીતીની કલમ– ૪૩૭(એ) મુજબના જામીન લેવામાં આવેલ છે જેનો અમલ હુકમની તારીખથી છ(૬) માસ સુધી અમલમાં રહેશે, સમય પુરો થયે જામીન આપો આપ રદ ગણાશે.

*હુકમ આજરોજ તા. ૨૦ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.*

**ખાંભા.**
**તા.૨૦/૦૪/૨૦૨૬**

**(મોહંમદકામિલ એ. મલેક)**
**પ્રિન્સી. સિવિલ જજ અને**
**જ્યુડિ. મેજિ. (ફ.ક.)ખાંભા**
**કોડ નં. જી.જે.૦૧૪૩૫**